# <u>કાયમી જાહેરનામું</u>

ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)બી, સી અન્વયે કાઢેલ હુકમ
ક્રમાંકઃટફક/માલ વાહક ભારે વાહન-પ્રતિબંધ/જાહેરનામું/૭૩૩/૨૦૧૯

પોલીસ કમિશ્નરની કચેરી,
સુરત શહેર, સુરત.
તા.૮ /૫ /૨૦૧૯.

સુરત શહેરમાં વધતા જતાં અકસ્માતો ઉપર નિયંત્રણ કેળવવા તથા જાહેર જનતાની સલામતી જળવાઇ રહે અને સુલેહ-શાંતિનો ભંગ ન થાય તેમજ અસુવિધા, ભય અને અડચણ દુર કરી ટ્રાફિકનું નિયમન સરળ, સુચારૂ અને સલામત રીતે થાય તેમજ શહેરમાં બનતા પ્રાણઘાતક અકસ્માતો અંકુશમાં લાવી શકાય તે હેતુસર, જાહેર જનતાના હિતાર્થે માલ વાહક ભારે વાહનોનાં સુરત શહેરમાં પ્રવેશ તથા હેરફેર/અવર-જવર અને જાહેર રસ્તા પર પાર્કીગ કરવા ઉપર પ્રતિબંધ મુકવા અંગે કાયમી જાહેરનામું નીચે જણાવ્યા મુજબ ફેરફાર કરી અમલમા મુકવાનું નકકી કરવામાં આવેલ છે.

જેથી હું સતીષ શર્મા, પોલીસ કમિશ્નર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ ની કલમ ૩૩(૧),(સી) મુજબ મને મળેલ સત્તાની રૂએ, સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના નીચે જણાવેલ વિસ્તારની અંદર માલવાહક ભારે વાહનોનાં પ્રવેશ તથા હેરફેર/અવર-જવર અને જાહેર રસ્તા પર પાર્કીગ કરવા ઉપર વ્યાજબી નિયંત્રણ મુકવાના નિર્ણય ઉપર આવેલ છું અને નીચે મુજબનો હુકમ કરું છું.

## <u>પ્રતિબંધિત કૃત્ય</u>

સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાં ટ્રાફિક સમસ્યા તથા અકસ્માત અંકુશમાં લેવા અર્થે સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના નીચે જણાવેલ વિસ્તારની અંદર કલાકઃ ૦૮/૦૦ થી ૧૩/૦૦ તથા ૧૭/૦૦ થી ૨૨/૦૦ દરમ્યાન ભારે માલવાહક વાહનોના પ્રવેશ અવર-જવર તથા જાહેર રોડ ઉપર પાર્કીગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. એટલે કે રાત્રે કલાકઃ ૨૨/૦૦ થી સવારે ૦૮/૦૦ તથા બપોર કલાકઃ ૧૩/૦૦ થી ૧૭/૦૦ દરમ્યાન પ્રવેશ તથા હેરફેર/અવર-જવર માટે જાહેરનામામાં જણાવેલ વિસ્તાર મુજબ મુકિત આપવામાં આવે છે. પરંતુ કોઇપણ સંજોગોમાં જાહેર રોડ ઉપર લોડીંગ અનલોડીંગ કે પાર્કીગ કરી શકાશે નહિ.

<u>અ.નં.</u> <u>માલ વાહક ભારે વાહનો માટે શહેરમાં પ્રવેશવાના પ્રતિબંધિત માર્ગોની વિગત</u>

૧. કામરેજ ચાર રસ્તા તરફથી આવતા ભારે માલવાહક વાહનો વાલક પાટીયા મારૂતી સુઝુકી શો રૂમ સુધી આવી શકશે. પરંતુ મેઇન રોડથી વરાછા વિસ્તારમાં તથા સ્ટેશન તરફ જઇ શકશે નહી.

૨. કામરેજ-વાવ અને કઠોદરા ગામ તરફથી આવતા ભારે માલવાહક વાહનો શિવ પ્લાઝા એપાર્ટમેન્ટ પાસે નંદુભા ચોકથી શહેરમાં પ્રવેશ કરી શકશે નહીં.

૩. કામરેજ-ઉંભેળ થી નહેર ઉપર આવતા ભારે માલવાહક વાહનો સીમાડા ચેક પોસ્ટથી શહેરમાં પ્રવેશી શકશે નહીં.

૪. કડોદરા ચાર રસ્તા તરફથી નિયોલ ચેક પોસ્ટ થઇ આવતા ભારે માલવાહક વાહનો નિયોલ ચેક પોસ્ટ થી શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

૫. વેડછાગામ થી માલવાહક ભારે વાહનો પરવત ગામ લીમ્બાયત થઇ શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

Scanned with CamScanner

૬. સેઢાવ ગામ ત્રણ રસ્તા થઇ દેવધ-ગોડાદરા આસપાસ ગામ તરફ જતા, ચલથાણ રોડ તરફથી આવતા ભારે માલવાહક વાહનો સેઢાવ ગામ નજીક પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના જી.સુરતના (સેઢાવ-૦૧ કિ.મી.)બોર્ડ પાસેથી શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

૭. ગોજા-મોહીણી અને સણીયા ત્રણ રસ્તાવાળા જંકશનથી ભારે માલવાહક વાહનો સણીયા ગામ તરફ આવતા રોડ થઇ શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

૮. સચીન-પલસાણા હાઇવ-વે થી આવતા ભારે માલવાહક વાહનો ભાટીયા મોસમ હાઇસ્કુલ (ભાટીયા ચેક પોસ્ટ પાસે) થી ખરવાસા-વકતાણા-ઉધના-ડીંડોલી તરફ જતા રોડથી શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

૯. સચીન-પલસાણા હાઇ-વે થી આવતા ભારે માલવાહક વાહનો વાંઝ ગામ જયલક્ષ્મી ફાર્મ પહેલા આવતા રોડથી વાંઝ ગામ થઇ જતા માર્ગેથી શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.
(ટોલ પ્લાઝા પહેલા)

૧૦. સચીન-પલસાણા હાઇ-વે થી આવતા ભારે માલવાહક વાહનો વાંઝ ગામ (ખરવાસા-વકતાણા ગામ તરફથી જતા) રોડથી શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

૧૧. સચીન-પલસાણા હાઇ-વે રોડથી આવતા ભારે માલવાહક વાહનો ઇકલેરા ગામવાળા (હોટલ આલ્ફા પહેલા આવતા) રોડથી શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

૧૨. સચીન જી.આઇ.ડી.સી. રોડ, ભારે માલવાહક વાહનો સચીન સાતવલ્લા બ્રીજ પાસે આવેલ આશિષ રેસ્ટોરન્ટ સામેથી (જી.આઇ.ડી.સી. નાકા) થી ઉન-ભેસ્તાન-ઉધના તરફ શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

૧૩. સચીન સાતવલ્લા રેલ્વે ફ્લાય ઓવરબ્રીજથી એસ.કે.નગર ચાર રસ્તા સુધીના હાઇવે રોડની જમણી બાજુએ રોડથી નીચેના કોઇપણ ગલી નાકા કે અન્ય માર્ગોથી શહેરમાં પ્રવેશ કરી શકાશે નહીં.

૧૪. ડુમ્મસ તરફથી આવતા ભારે માલવાહક વાહનો એસ.કે.નગર ચાર રસ્તા થી શહેરમાં પ્રવેશ કરી શકશે નહીં.

૧૫. હજીરા-સચીન હાઇવે ઉપર ઇચ્છાપોર જંકશનથી એસ.કે.નગર ચાર રસ્તા સુધીના રોડ ઉપર ડાબે કિનારેથી કોઇપણ ગલી નાકા કે અન્ય માર્ગોથી શહેરમાં પ્રવેશ કરી શકાશે નહીં.

૧૬. સરોલી બ્રીજથી ઇચ્છાપોર જંકશન સુધીના હાઇવે રોડના ડાબા કિનારાથી કોઇપણ ગલી નાકા કે અન્ય માર્ગોથી શહેરમાં પ્રવેશ કરી શકાશે નહીં.

૧૭. ઓલપાડ તરફથી આવતા ભારે માલવાહક વાહનો સરોલી બ્રીજ ઉતરી હજીરા ઓ.એન.જી.સી તરફ તથા વરીયાવ-સાયણ તરફ જઇ શકશે. પરંતુ સરોલી બ્રીજ થી જહાંગીરપુરા ત્રણ રસ્તાથી રાંદેર મેઇન રોડ તરફ અન્ય માર્ગ પરથી શહેરમાં પ્રવેશ કરી શકશે નહીં.

૧૮. વરીયાવ-સાયણ રોડ તરફથી આવતા ભારે માલવાહક વાહનો વરીયાવ ચેક પોસ્ટ થી (આશારામ આશ્રમ રોડ થઇ) રાંદેર રોડ તરફ તેમજ અન્ય માર્ગ પરથી શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

૧૯. વરીયાવ-સાયણ રોડ તરફથી આવતા ભારે માલવાહક વાહનો છાપરા ભાઠા-અમરોલી રોડ ટી પોઇન્ટથી તેમજ અન્ય માર્ગ પરથી શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

૨૦. સાયણ રોડ તરફથી આવતા ભારે માલવાહક વાહનો અમરોલી તરફ સાયણ ચેક પોસ્ટથી શહેરમાં પ્રવેશી શકશે નહી.

૨૧. ગોથાણ નહેર (બંગાળ ગામ) થી અમરોલી-ઉત્રાણ મોટા વરાછા તરફથી આવતા ભારે માલવાહક વાહનો ઉતરાણ-કાપોદ્રા સવજી કોરાટ તાપી બ્રીજ તરફથી શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

૨૨. કઠોર- અબ્રામા તરફથી આવતા ભારે માલવાહક વાહનો મોટા વરાછા ચેક પોસ્ટ થી શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

Scanned with CamScanner

૨૩. નવસારી તરફથી ભારે માલવાહક વાહનો કપ્લેથા ચેક પોસ્ટથી સચીન તરફ શહેરમાં પ્રવેશ કરી શકશે નહીં.

પોલીસ કમિશ્નર, સુરત શહેરની હકુમત હેઠળના વિસ્તાર પૈકી નીચેના માર્ગો ઉપર માલ વાહક ભારે વાહનોને ૨૪ કલાક અવર-જવરની છુટ આપવામાં આવે છે.

(૧) હજીરા નોટીફાઇડ એરીયા થી ઓ.એન.જી.સી. સર્કલ, મગદલ્લા બ્રીજ, એસ.કે.નગર ચાર રસ્તા થઇ ડુમ્મસ સુધી તથા એસ.કે.નગર ચાર રસ્તા થી ખજોદ ચોકડી, જીઆવ ચાર રસ્તા, સચીન જી.આઇ.ડી.સી. ત્રણ રસ્તા, સાતવલ્લા રેલ્વે બ્રીજ થઇ પલસાણા ટી પોઇન્ટ, વેસ્મા ચોકડી થઇ નેશનલ હાઇવે નં. ૮ સુધીનો માર્ગ

(૨) ઓ.એન.જી.સી. સર્કલ, ભેસાણ હાઇ-વે થઇ સરોલી ચેક પોસ્ટ થઇ સરોલી બ્રીજથી ઓલપાડ તરફ જઇ શકશે. તેમજ સરોલી બ્રીજ નીચેથી વરીયાવ રોડ થઇ છાપરાભાઠા ટીપોઇન્ટ થી સાયણ ચેક પોસ્ટ થી વસવાડી ફાટક થઇ સાયણ રોડ થઇ નેશનલ હાઇવે નં. ૮ સુધીનો માર્ગ.

(૩) ઓલપાડ તરફથી આવતા ભારે વાહનો સરોલી બ્રીજ ઉતરી જમણી બાજુ વળી ભેંસાણ હાઇ-વે થઇ ઓ.એન.જી.સી. થઇ હજીરા તેમજ એસ.કે.નગર સચીન હાઇવે તરફ જઇ શકશે.

(૪) કામરેજ ચાર રસ્તા તરફથી આવતાં વાહનો શાકભાજી તથા ફ્રુટ લાવતાં ભારે માલ વાહનો સીમાડા ત્રણ રસ્તાથી બી.આર.ટી.એસ. રોડ નહેરે-નહેરે થઇ પરવત પાટીયા થઇ સરદાર માર્કેટ (એ.પી.એમ.સી.માર્કેટ) તથા ફ્રુટ માર્કેટ સર્કલ (કરણી માતા સર્કલ) સુધી આવી શકશે. પરંતુ ખાલી વાહન પ્રતિબંધ સમયમાં રોડ ઉપર અવર-જવર/હેરફેર તેમજ પાર્કીંગ કરી શકશે નહિ.

(૫) કડોદરા તરફથી આવતા શાકભાજી ફ્રુટના ભારે માલ વાહનોને નિયોલ ચેક પોસ્ટ, પુણા કુંભારીયા, પરવત પાટીયા થઇ સરદાર માર્કેટ (એ.પી.એમ.સી.માર્કેટ) તથા ફ્રુટ માર્કેટ સર્કલ સુધી આવી શકશે. પરંતુ ખાલી વાહનો પ્રતિબંધ સમયમાં રોડ ઉપર અવર-જવર/હેરફેર તેમજ પાર્કીંગ કરી શકશે નહિ.

(૬)આર.ટી.ઓ. કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવવા કે ફિટનેશ ટેસ્ટ માટે આવતા ભારે વાહનોને સવાર કલાકઃ૧૧/૦૦ થી ૧૮/૦૦ દરમ્યાન કોટ વિસ્તાર સિવાયના વિસ્તારમાં થઇને આવી જઇ શકશે પરંતુ જરૂરી કાગળો આધાર પુરાવા સાથે રાખવાના રહેશે.

<u>અપવાદ</u>

(૧) રાજય સરકાર, કેન્દ્ર સરકારની માલિકીના, આવશ્યક સેવાના તથા પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયર બ્રીગેડ, એસ.ટી.બસ/સીટીબસ/BRTS ના વાહનોને પ્રતિબંધમાંથી મુક્તી આપવામાં આવે છે.

(૨) સુરત મહાનગર સેવા સદનની માલિકાનાં તેમજ સુરત મહાનગર સેવા સદન તરફથી રાખવામાં આવેલ પીવાના પાણીના ટેન્કરોને પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવે છે.

(૩) સુરત મહાનગર પાલીકા તરફથી રાખવામાં આવેલ શહેરમાંથી કચરાનુ વહન કરતા વાહનોને પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવશે પરંતુ પોલીસની પરમીશન લેવાની રહેશે.

(૪) દુધ વહન કરતા વાહનો તથા સરકારી હોસ્પીટલનાં ભારે માલ વાહક વાહનોને પ્રવેશ અને અવર-જવર માટે મુકિત આપવામાં આવે છે.

(૫) પશુઓને દવાખાને લઇ જતાં વાહનોને મુકિત આપવામાં આવેલ છે.

(૬) ન્યુઝ પ્રિન્ટ તથા વર્તમાનપત્રો (પેપરો) લાવતા લઇ આવતા જતા વાહનોને મુકિત આપવામાં આવે છે.

Scanned with CamScanner

(૭) જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ કે જેવી કે, રેશનીંગનું કેરોસીન, ડીઝલ-પેટ્રોલ લઇ આવતા જતા ટેન્કરો તથા એલ.પી.જી. ગેસ સીલીન્ડર ભરીને જતા ભારે માલવાહક વાહનો કે જેઓને માત્ર સુરત શહેરમાં જ વિસ્તરણ કરવાનુ હોય તેવા વાહનોને મુકિત આપવામાં આવે છે.

(૮) સુરત મહાનગર પાલીકા તરફથી રોડ રસ્તા, ગટર, બ્રીજ વિગેરેના કામ અર્થે જે કોન્ટ્રાકટરોને કોન્ટ્રાકટ આપવામાં આવે છે. તેવા કામો માટે કોન્ટ્રાકટરોએ ભારે વાહનોને ઉપયોગમાં લેતી વખતે પોલીસ વિભાગની પરવાનગી લેવાની રહેશે.

(૯) સુરત શહેરમાં રેડીમીક્સ કોંક્રીટ લાવતા લઇ જતાં માલ વાહક ભારે વાહનો માટે પોલીસ વિભાગની પરવાનગી લેવાની રહેશે.

આ જાહેરનામુ અમલમાં આવતાની સાથે જ આ અગાઉનુ જાહેરનામુ આપો-આપ રદ ગણવામાં આવશે.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૧૩૧ બી(૪) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકરવાળા વાહન દ્વારા તેમજ સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવા હુકમ કરૂ છું.

આ જાહેરનામું તા. ૯૦/૦૫/૨૦૧૯ કલાકઃ ૦૦/૦૦ થી અમલમાં આવશે.

આજરોજ તા.૦૯/ ૭ /૨૦૧૯ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર રજીસ્ટ્રી શાખા સુરત શહેર

(સતીષ શર્મા)
પોલીસ કમિશ્નર
સુરત શહેર.

<u>સવિનય રવાના</u> :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા. ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.) ગુજરાત રાજય, ગાંધીનગર.
(૪) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) ખાસ પોલીસ કમિશનરશ્રી, ક્રાઇમ અને ટ્રાફિક, સુરત શહેર.
(૬) સંયુકત પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-૧, સુરત શહેર.
(૭) સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-૨, સુરત શહેર.
(૮) પોલીસ મહાનિરીક્ષક, સુરત વિભાગ, સુરત.
(૯) કલેકટરશ્રી, સુરત શહેર.
(૧૦) મ્યુનિસિપલ કમિશનરશ્રી, સુરત શહેર.
(૧૧) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૧, ૨, ૩, ૪, સુરત શહેર
(૧૨) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.
(૧૩) જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

Scanned with CamScanner